ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**
**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ**
ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૫૦/૧૮-૧૯/૩૦૬૧ તારીખ:- 7 JUL 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા,
રહે.છનાળા, તા.ચુડા,
જી.સુરેન્દ્રનગર.

**કેસ નં.: ૫૦/૧૮-૧૯**

**વિષય: નવા ખેતીવાડી વીજ કનેકશન બાબત.**

**સંદર્ભ:** (૧) આપનો પત્ર તા.૦૮-૦૬-૧૮
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૧૮-૧૯/૨૬૬૪ તા.૧૪/૦૬/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૦/૧૮-૧૯/૨૭૩૧ તા.૧૮/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૯/૦૬/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી. સોલંકી)
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ચુડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૦/૧૮–૧૯** ☜

વાદી :– શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ**:– ૨૯/૦૬/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા (વાદીશ્રી પોતે)

પ્રતિવાદી :– શ્રી એચ.સી.ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીબડી
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા, છલાળા, તા.ચુડા, જી.સુરેન્દ્રનગર ની નવા ખેતીવાડી વીજ કનેકશન બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૦ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૫૦ / ૧૮–૧૯/ ૨૬૬૪ તા.૧૪/૦૬/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૯/૦૬/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ.સી.ઠાકર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમો અરજદારની માનસર નમ્ર અરજ એ છે કે, અમો અરજદાર ઉપરોક્ત નામ સરનામે રહીએ છીએ અને ખેતી કરી અમારું તથા અમારા પરિવારનું ભરણપોષણ કરીએ છીએ.

૧.૨ અમો અરજદારના નામનું ખેત વીજ કનેક્શન ચુડા પી.જી.વી.સી.એલ સબ ડીવીઝન કચેરીમાં ફોર્મ ભરેલ છે.જે ફોર્મ પાસ થઇ ગયેલ છે. જેનો રસીદ ન-૪૨૪૪૮૦ અને જી.પી ન-૨૯૨૫ છે. અમારું ફોર્મ તા-૨૬/૦૬/૨૦૦૯ ના રોજ ભરેલ છે. તો વીજ કનેક્શન આપવા નમ્ર વિનંતી.

૧.૩ અમારે ચુડા ના મહે. જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં ચુડા ફો.કેસ. ન. ૧૦૦/૨૦૧૩ માં અમો અરજદાર તરફેણમાં તા-૨૯/૦૧/૨૦૧૮ ના રોજ મુક્ત કરતો હુકમ કરેલ છે. જે આપ સાહેબ શ્રી ને જાણ સારું તેમજ નામ.કોર્ટના હુકમ ની ઝેરોક્ષ નકલ સામેલ રાખીએ છીએ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ અમો અરજદાર સાવ નિર્દોષ વ્યક્તિ છીએ જેથી આપ સાહેબશ્રી ને અમારી નમ્ર અરજ છે કે ઉપરોક્ત હકીકત ની ધ્યાને લઇ અમોને અમારું ખેતી વીજ કનેક્શન આપવા મ્હે.કરશોજી.

૧.૫ આ ખેતીમાં આમારુ આજીવિકાનું એક માત્ર સાધન હોય જેથી જો વીજ કનેક્શન આપવામાં આવે તો અમો પાણી પાઈને અમારી સીમ જમીનમાં ઉપજ નીપજ લઈને આર્થિક રીતે સદ્ધર થઇ શકી અમારું જીવન ગુજારી શકીએ.

૧.૬ અમો અરજદારને નાના બાળકો છે અને વૃદ્ધ માતા પિતા ની જવાબદારી અમારા શિરે રહેલ હોય જેથી અમોને ખેતી વીજ કનેક્શનમાં આવેતો અમો મહેનત કરી ઉપજ નીપજ મેળવી શકીએ. જેથી આપ સાહેબશ્રી આ અંગે યોગ્ય ઘટતી કાર્યવાહી કરીને અમોને પી.જી.વી.સી.એલ કંપનીવાળા ખેતી વીજ કનેક્શન આપે તેવી યોગ્ય અને ઝડપી કાર્યવાહી કરવા અમારી નમ્ર અરજ છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,</u>

૨.૧ વાદીશ્રી ધ્વારા તા-૨૬.૦૮.૨૦૦૯ ના રોજ અત્રેની ચુડા પે.વી.ક ખાતે રૂ. ૨૦૦/- ભરીને પહોચ ન- ૪૨૪૪૮૦ થી ખેતીવાડી વીજ જોડાણ લેવા માટેની નોંધણી કરાવેલ.

૨.૨ ત્યાર બાદ સદર વાદીશ્રી નો અગ્રતાક્રમ મુજબ વારો આવતા તેઓને ખૂટતા દસ્તાવેજો રજુ કરેલ ન હોય તેઓને પેટા વિભાગીય કચેરી ધ્વારા નવા ખેતીવાડી વીજ જોડાણ બાબતે દસ્તાવેજી પુરાવા રજુ કરવા માટે કચેરીના ડીઈ/સીએસડી/૨૫૮૭ તા-૩૧.૦૩.૨૦૧૬ થી દિવસ ૭ માં રજુ કરવા જણાવવામાં આવેલ. પરંતુ તેઓ ધ્વારા આપેલ સમય મર્યાદામાં રજુ ન કરતા તેઓને આખરી નોટીસ પત્ર ન- ૬૬૧૫ તા-૨૦.૦૯.૨૦૧૬ થી મોકલી આપવામાં આવેલ. જે પત્ર પણ વાદી ધ્વારા તા-૦૭.૧૦.૨૦૧૬ ના રોજ સ્વીકારવામાં આવેલ છે.જેની આરપીએડી ની રસીદ આ સાથે સામેલ છે.

૨.૩ વાદી ના સદર વીજ જોડાણ માટેની આગળની કાર્યવાહી કરવા માટે બિલીંગ વિભાગમાં તપાસ કરતા રૂ.૫૪,૧૮૨/- નું પાવર ચોરીનું વીજ બીલ બાકી નીકળેલ. જે ચકાસતા તા-૧૮.૦૨.૨૦૦૦ ના રોજ છલાળા ગામની સીમ મોજીદડ ના માર્ગે અને ભૃગુપુર ના માર્ગ ઉપરના ટીસી ના ગ્રુપમાંથી ગેરકાયદેસર વીજ જોડાણ કરી વીજ વપરાશ કરતા માલુમ પડેલ.

૨.૪ આમ, કંપની ધ્વારા સદર વાદી સામે બાકી નીકળતા નાણા વસુલવા માટે ચુડા તાલુકાના મહે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં મુ-ચુડા ફોઝદારી કેસ ન- ૧૦૦/૨૦૧૩ થી દાખલ કરવામાં આવેલ.

૨.૫ જે કેસ મહે.જ્યુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં ચાલી જતા વાદી શ્રી સવજીભાઈ લવજીભાઈ સમલીયા ,ગામચુડા-તા ,છલાળા - ના ઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૨૪૮(૧) અન્વયે ભારતીય વીજ ધારા ૧૯૧૦ ની કલમ ૩૯ મુજબના ગુન્હા ના કામે શંકા નો લાભ આપી મુક્ત કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૬ વાદી ધ્વારા વાપરશ કરેલ બીલ નહિ ભરતા તેઓની સામે પી.જી.વી.સી.એલ ધ્વારા લીંબડી કોર્ટમાં સિવિલ સ્યુટ ન- ૪૫/૨૦૧૩ થી દાખલ કરવામાં આવેલ છે.

☛ **ફોરમનું તારણ** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર સવજીભાઈ લવજીભાઈ સમલીયા એ ગામ છલાળામાં તા.૨૬–૦૬–૦૯ ના રોજ ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજી નોંધણી કરાવેલ છે.

૩.૨ પ્રતિવાદી ધ્વારા વાદીને અંદાજપત્ર આપેલ તે પહેલા વાદીની સામે ગેરકાયદેસર વીજ વપરાશનો ગુનો દાખલ કરી વાદીને રૂા.૫૪,૧૮૨/– નું પાવરચોરીનું વીજ બીલ આપવામાં આવેલ, જે વાદી ધ્વારા ભરપાઈ ન થતા પ્રતિવાદીએ વાદી સામે ફોજદારી કેસ ૧૦૦/૧૩ થી દાખલ કરેલ તેમજ વાદી સામે રીકવરીનો દાવો સીવીલ સ્યુટ નં.૪૫/૨૦૧૩ થી દાખલ કરેલ.

૩.૩ નામદાર કોર્ટ ધ્વારા વાદીની સામે કરવામાં આવેલ ફોજદારી કેસનો હુકમ આપવામાં આવેલ કે વાદીને ફોજદારી ગુનામાંથી મુકત કરવામાં આવે છે.

૩.૪ વાદીની સામે દાખલ કરવામાં આવેલ સીવીલ સ્યુટ ૪૫/૨૦૧૩ હાલ નામદાર કોર્ટ સમક્ષ પેન્ડીગ છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં.૩.૪ મુજબ વાદી સામેની વસુલાત માટેના કેસમાં નામદાર કોર્ટમાં પેન્ડીગ હોઈ જીઈઆરસી ના નોટીફીકેશન નં.૨/૧૧ નં.૨.૩૦(૧) મુજબ વાદીની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.**
- **સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.**

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :–૨૯/૦૬/૨૦૧૮

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar